Library IIAS, Shimla
PH 491.2 Sh 11 S
00016041

16041 29/10/66 29/1183

श्रीद्वारकेशो जयति।

# પુરાતત્ત્વની શોધ

ગત શ્રાવણ માસમાં તૃતીયપીઠાધીશ્વર વિદ્યાવિલાસી ગોસ્વામી શ્રી ૧૦૮ શ્રીવ્રજભૂષણલાલજી મહારાજશ્રીની આજ્ઞાનુસાર સાંપ્રદાયિક ગ્રંથોના અન્વેષણ માટે અમદાવાદ, નડીયાદ, ડાકોર, વડોદરા, ભરૂચ, જામનગર અને પોરબંદરમાં જવાનો સમય પ્રાપ્ત થયો હતો. તે સ્થાનોમાંથી વધારે સહાયક અને ઉપયોગી તો વડોદરાની સેન્ટ્રલ લાઇબ્રેરી જ થઇ છે. ત્યાં સમગ્ર દુનીયાનાં પુસ્તકાલયોનાં લગભગ સૂચીપત્રો મોજુદ છે. મોટા બે કપાટમાં સમાય તેટલાં સૂચીપત્રનાં પુસ્તકો છે, તેમાંથી જે કંઇ પ્રાપ્ત કરી શકયો છું તે પુષ્ટિમાર્ગીય વિદ્વાનો અને વિચારશીલ વૈષ્ણવો સમક્ષ રજુ કરીશ.

સન્ ૧૯૧૪ ની પહેલાં જ્યારે યુરોપમાં મહાભારત યુદ્ધનો જન્મ પણ થયો ન હતો ત્યારે સમગ્ર વિશ્વમાં પ્રાચીન સંસ્કૃત પુસ્તકોને સંઘરવામાં જર્મનીયે જેટલો પરિશ્રમ ઉઠાવ્યો છે તેટલો કોઈ દેશે લીધો નથી. તેથી તે સર્વથા ધન્યવાદાર્હ છે. જર્મનીના અનેક વિદ્વાનોયે એશિયાના વિદ્યાપ્રધાન દેશોમાંથી મોટેરી કિંમતો આપીને પણ પુસ્તકોનો સંગ્રહ કર્યો છે. તે સંગ્રહ પૂરો પાડવામાં ભારત વર્ષનું સ્થાન પહેલું છે. છેવટમાં **રાયલી બ્રધર્સ કંપની**ના આશ્રય નીચે જર્મનીના અનેક વિદ્વાનોએ ભારત વર્ષના ખૂણેખૂણામાંથી સંસ્કૃત પુસ્તકો મેળવવા ઘણી જ હુશીયારી બતાવી છે. પ્રાચીન ગ્રંથોના સંશોધનમાં **સર પીટર્સન**નો પણ મુખ્ય ભાગ હતો. આ લગભગ સન્ ૧૯૧૦ સુધીનો ઇતિહાસ છે.

સને ૧૯૧૪ માં ભયંકર લડાઈ શરૂ થઇ. યુરોપમાં નિપુણ મહારથી અતિરથિઓની અત્યાર સુધી સંઘરી રાખેલી શક્તિની અણધારી કસોટી થઇ ગઇ, અને છેવટે જર્મન દેશની શિક્ષિત પ્રજાને પણ સહસા દૈવગતિને શરણે થવું પડયું. વિદ્યાના કેન્દ્રભૂત બનેલા જર્મનીને એક વખત પાછા હઠવાની ઘડીઓ આવી, પુસ્તકાલયોના રિસર્ચ માટે ખર્ચાતાં અઢળક દ્રવ્યે શાંતિ લીધી, અને વિદ્યાવિલાસી બ્રિટિશ સામ્રાજ્યના કર્ણધારોએ વિદ્યાસંપન્ન જર્મનોની માફક સંસ્કૃતગ્રન્થાન્વેષણ અને તત્પ્રાપ્તિ માટે જબરદસ્ત પ્રયત્નો શરૂ કરી દીધા. અત્યારે સમગ્ર જગતમાં **બ્રિટીશ મ્યુઝીયમ્** નામની સંસ્થા પાસે જે પુસ્તક સંગ્રહ છે તે કેટલી કે પેરીસમાં પણ નથી. તેમ અમેરિકા કે જર્મન પાસે પણ તે નહિ હોય. બ્રિટીશ મ્યુઝીયમની એક શાખાસંસ્થા **ઇન્ડિયા ઑફિસ** તરીકે છે. હિન્દુસ્તાનમાંથી અને તેની આસપાસના પ્રદેશોમાંથી જે સંગ્રહ પ્રાપ્ત થયો છે તે ઉપર્યુક્ત ઓફિસમાં રાખવામાં આવેલ છે. સંસ્કૃત ગ્રંથોનું અન્વેષણ કરી સંગ્રહ કરવામાં **જર્મન** પછી ગ્રેટ્ બ્રિટનનો પરિશ્રમ સંસ્કારી જગતને વધારે ઉપયોગી છે. વેદ–વેદાંગ તેમ આસ્તિક–નાસ્તિક દર્શનોના તમામ ગ્રંથો–પોતપોતાનાં ઉપોદ્બલક સાહિત્ય સાથે જર્મન અને વેલ્સના ટાપુઓમાં લગભગ સમાન કક્ષાથી વહેંચાઇ ગયા છે. એટલે ભારતવર્ષમાં એવો એક પણ ધર્મ અગર દર્શનશાસ્ત્ર બાકી રહેલું જણાતું નથી કે ઉપરના બે દેશોના પુસ્તકાલયોમાં તેના ગ્રંથો ન હોઇ શકે. જેને લીધે શ્રીમદ્વલ્લભાચાર્યજી પ્રતિપાદિત શુદ્ધાદ્વૈતદર્શનના પણ અનેક ગ્રંથો અત્યારે બર્લિન્ કોડીયમ્ બૉન તેમજ લંડનનાં પ્રસિદ્ધ પુસ્તકાલયોમાં અગ્રસ્થાને વિરાજી રહ્યા છે. એટલું જણાવી સાંપ્રદાયિક ગ્રંથો યુરોપમાં તથા ભારતવર્ષનાં પ્રસિદ્ધ પુસ્તકાલયોમાં સંગૃહીત થયેલા છે તેનું ટિપ્પણ નિવેદવા ઉત્સુક થાઉં છું.

भट्ट जटाशङ्कर शास्त्री.

# બર્લીન (જર્મન) ના રાજકીય પુસ્તકાલયમાં સામ્પ્રદાયિક ગ્રંથ સંગ્રહ.

( કેટલોગ્ ઓફ્ કેટલૅાગમાં જેવી રીતે ગ્રંથનામાવલી આપી છે તે પ્રમાણે. )

**पत्रांक.**

4 **अन्तःकरण प्रबोध** Bhakti. By Vallabhacharya. 10 1066

16 **सिद्धान्तमुक्तावलि विवृति टिप्पणी** ( **सारसङ्ग्रहभक्ति** ) By **कल्याणराय** Son of Govinda.

24 **कृष्णवल्लभ** a dami of Vallabhacharya (Catal 10 P. 808.)

( **નોંધ:**—સંપ્રદાયમાં આચાર્યશ્રીએ कृष्णवल्लभ નામનો કોઇ ગ્રંથ બનાવ્યો હોય તેવું જાણવામાં નથી, તથાપિ આચાર્યશ્રીના મ્હોટા પુત્ર શ્રીગોપીનાથજીનાં પત્ની તેમજ તત્પુત્રનાં પત્ની ઘણો પુસ્તક સંગ્રહ દક્ષિણ દેશમાં પોતાના પિતૃગૃહમાં લઇ ગયાનું સંભળાય છે તે અપ્રસિદ્ધ સંગ્રહમાં પણ ઉપરનો ગ્રંથ હોઇ શકે તેવી સંભાવના તો છેજ. અથવા આચાર્યશ્રીના કૃષ્ણાશ્રય સ્તોત્રમાં છેવટે "इतिश्री कृष्णदासस्य वल्लभस्य" એ વચનાનુસાર જર્મન સંશોધકે **કૃષ્ણવલ્લભ** એવું નામ કલ્પેલું પણ હોઇ શકે તે મુજબ કૃષ્ણાશ્રયસ્તોત્ર માની શકાય.)

32 **उत्सवमालाकार** By **गोकुलचन्द्र.**

,, **गोकुलेशाष्टक** **श्रीहरिराय कृत** Rj, 712

33 **गोपीजनवल्लभचरणैकतान** **विट्ठलदीक्षित** 10 1068.

**નોંધ:**—ગોપીજનવલ્લભચરણૈકતાન નામનો કોઈ ગ્રંથ શ્રીગુંસાઈજીનો નથીજ પરંતુ શ્રીગુસાંઇજીનો અન્ય કોઈ ગ્રંથ હોવો જોઇએ. છેવટે **'ગોપીજન'**એ શ્રીગુંસાઇ-જીના વિશેષણને જર્મન સંશોધકે ગ્રંથ માની લીધો લાગે છે. વિદ્વન્મંડનની ઇતિશ્રીમાં **श्रीगोकुलनाथचरणैकतानश्रीविट्ठलनाथदीक्षितावराचतम्** એમ છે તે શૈલી પ્રમાણે કોઇ ગ્રંથના અંતમાં **"ગોપીજનવલ્લભચરણૈકતાન"** એમ લખ્યું હોય.)

36 **चतुःश्लोकी** **वल्लभाचार्य** 10 1068

46 **तत्त्वदीप** and **भागवततत्त्वदीप** By Vallabhacharya.

51 **त्रिविधलीलानामावली** Vadanta By Vallabhacharya G. B. 47
Preters. 4 24

57 **नित्यसेवाविधि** **श्रीद्वारकेश**

61 **नवरत्न** Bhakti 4 4656 Most Sikely
By Vallabhacharya 10 1068

,, **नवरत्नप्रकाश** By Vitthaleshwar Dikshita 4 4056
Priters 4 24

64 **निजाचार्यचिन्तनप्रकार (भक्ति)** By **दासानुदास** 10 2366

(**નોંધ:**—આ ગ્રંથના કર્તા શ્રીહરિરાયજી છે. હરિરાયજી પોતાના ઘણાખરા ગ્રંથને અંતે **दासानुदास** તરીકે પોતાને ઓળખાવે છે.)

„ नित्यसेवाविधि (द्वारकेशजी कृत) R 239

75 पुष्टिप्रवाह मर्यादाटीका (पीताम्बरकृता)

(નોંધઃ—આ ગ્રંથના કર્તા શ્રીપુરુષોત્તમજી હોવા જોઇએ......પોતાના પિતૃચરણ શ્રીપીતાંબરજીના નામથી તેઓએ કેટલાક ગ્રંથો રચ્યા છે.)

76 वल्लभाष्टकविवृतिप्रकाश (पुरुषोत्तमजी)

„ पुष्टिप्रवाहमर्यादाटीका कल्याणरायजी Bhav Daji 66

„ पुष्टिप्रवाहमर्यादाभेद By वल्लभाचार्य 10 2116 R. 716

„ पुष्टिमार्गीयाह्निक By व्रजराय R. 280

83 सिद्धान्तमुक्तावलीयोजना<br>सेवाफल विवृति टिप्पणी } बालकृष्ण दीक्षीत सर नेम् लाल्लूभट्ट

86 ब्रह्मवादार्थ By वल्लभाचार्य

Papica Is. d. on......पत्रावलम्बनम्

(નોંધઃ—શ્રીમદ્વલ્લભાચાર્યજીનો **બ્રહ્મવાદાર્થ** નામનો કોઈ ગ્રંથ જોવામાં કે સાંભળવામાં આવ્યો નથી પણ **પત્રાવલંબન** નામનો મહાન આકર ગ્રંથ પ્રસિદ્ધ છે. તે ગ્રંથમાં આચાર્યશ્રીએ **મીમાંસા** રીતિ અનુસાર અન્યમતનિરાકરણ પૂર્વક બ્રહ્મવાદનું સ્થાપન કર્યું છે. કદાચ **પત્રાવલંબન** ગ્રંથની સાથે સંબંધ ધરાવનારો **ब्रह्मवादार्थ** ગ્રંથ હોઇ શકે.)

88 भक्तिमार्गमर्यादा By विठ्ठलदीक्षित L 4032

„ भक्तिवर्धिनी By वल्लभाचार्य 10 1068

R 721

„ „ टीका By हरिदास 10 2611 721

„ भक्तिहंस By विठ्ठलदीक्षित Petirs 4 24

भक्तिहंसटीका By रघुनाथजी R 723

„ भक्तिहेतुनिर्णय By विठ्ठलदीक्षित R 723

„ भक्त्युद्भाव By Purushottamacharya Bhov Daji 106

(નોંધઃ—ભક્ત્યુદ્ભાવ નામનો ગ્રંથ અપ્રસિદ્ધ લાગે છે. શ્રીપુરુષોત્તમાચાર્ય નામનિર્દેશથી લેખવાળા શ્રીપુરુષોત્તમજી હોવાનો સંભવ છે. એમના અનેક ગ્રંથો અતિપ્રસિદ્ધ છે.)

91 भागवततत्त्वदीप ond O By Vallabhacharya Priters 4 14

(and J) R 717 (only J) 724—725 (ine)

93 भावैरङ्कुरितमितिपद्यटीका By हरिदासजी R 384

94 भुजङ्गप्रयाताष्टक By Vitthala Dikshita 10 1068

97 मधुराष्टक By वल्लभाचार्य 10 1068 R 385

„ टीका By घनश्यामजी Priters 4 24

104 मानमञ्जरी Dictionary of Samskrit and Bhasha.

By Nanddas Bhav Daji 48

108 यजुर्वल्लभा By Vitthala Dikshita L 2061

(**નોંધ:—યજુર્વલ્લભા** નામનો કોઇ ગ્રંથ શ્રીગુંસાઈજીનો ઉપલબ્ધ નથી, જેમ **કૃષ્ણવલ્લભ** શ્રીવલ્લભાચાર્યજીનો ગ્રંથ આગળ જણાવ્યો છે, તેમ **યજુર્વલ્લભા** અત્રે લાગે છે. આવા અશ્રુતપૂર્વ ગ્રંથોની કોપી પ્રાપ્ત કરવા બર્લિનના પુસ્તકાલધ્યક્ષને વિનવવો રહ્યો.)

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 102 | पुष्टिप्रवाहमर्यादाभेद | यदुनाथजी | | Father of Pitambara. | | |
| 110 | यमुनाष्टक | वल्लभाचार्य | 10 | 1068 | R | 394 |
| | ,, टीका | विट्ठलदीक्षित | | 10 | | 2611 |
| | यमुनाष्टपदी | विट्ठलदीक्षित | | 10 | | 1068 |
| | ,, टीका | By रघुनाथजी | | 10 | | 2611 |
| 113 | ललितात्रिभङ्गटीका | रघुनाथ गोस्वामी | | Father of Vrajnatha | | |
| | भक्तिहंसविवृति | रघुनाथ | | | | |
| 128 | ललितत्रिभङ्ग | विट्ठल एन्ड व्रजनाथ | | R | | 726 |
| 131 | वल्लभपंचाक्षरस्तोत्र | By Haridas | | 10 | | 1068 |
| | वल्लभशरणाष्टक | By ,, | | ,, | | ,, |
| | | | Pitirs | 4 | | 24 |
| 131 | वल्लभाचार्य | | Son of Lakshmana Bhatt | | | |

**(१) चतुःश्लोकी, (२) नन्दकुमाराष्टक, (३) पञ्चपदी, (४) प्रातःस्तव, (५) मंगलस्तोत्र, (६) वल्लभाष्टकाचिवृति, (७) वृन्दाष्टक, (८) श्लोकपञ्चक (९) सिद्धान्तविवृतिविवृति, (१०) सिद्धान्तसङ्ग्रह.**

(**નોંધ:**—અહીં વલ્લભાચાર્ય નામ આપી પેટામાં ઉપર જણાવ્યા પ્રમાણે ગ્રન્થોનો નિર્દેશ કરેલ છે પણ તે દરેક ગ્રંથ આચાર્યશ્રીના બનાવેલો નથી. કદાચ આ દશ ગ્રંથોનો (સંગ્રહાત્મક) એક ગુટકો હોઇ શકે.

૧ ચતુઃશ્લોકી શ્રીવલ્લભાચાર્યકૃત છે તેમ શ્રીગુંસાઇજીકૃત પણ છે.

૨ નંદકુમારાષ્ટક શ્રીઆચાર્યશ્રીનું છે એમ કહેવાય છે.

૩ પંચપદી તે કદાચ **પંચપદ્યાનિ** નામનો આચાર્યશ્રીનો ગ્રંથ હોઈ શકે.

૪ પ્રાતઃસ્તવ નામનો ગ્રંથ સાંભળવામાં આવ્યો નથી, કદાચ શ્રીહરિરાયજીનો **પ્રાતઃસ્મરણ** નામનો ગ્રંથ હોય.

૫ **મંગલસ્તોત્ર** પણ ઉપલબ્ધ ગ્રંથ નથી. શ્રીગુંસાઇજીનો **મંગલારાર્તિકાર્યા** છે.

૬ વલ્લભાષ્ટક ઉપર વિવૃતિ શ્રીગોકુલનાથજીએ કરેલ છે.

૭ **વૃન્દાષ્ટક** નામનું સંપ્રદાયિક સ્તોત્ર ઉપલબ્ધ નથી.

૮ **શ્લોકપંચક** પણ ઉપલબ્ધ નથી.

૯ સિદ્ધાન્તવિવૃતિવિવૃતિ એ કદાચ **સિદ્ધાન્તમુક્તાવલી** ઉપર શ્રીવિઠ્ઠલેશ્વર (શ્રીગુંસાઈજી)ની વિવૃતિ ઉપરની શ્રીગોકુલનાથજીની વિવૃતિ હોવાની સંભાવના છે. ચતુર્થપુત્ર શ્રીગોકુલનાથજી સિદ્ધાન્તમુક્તાવલી વિવૃતિની ઇતીશ્રીમાં આ પ્રમાણે લખે છે. "श्रीवल्लभेन **सिद्धान्तविवृतिविवृतिः** कृता"

૧૦ **સિદ્ધાંતસંગ્રહ** નામનો ગ્રંથ સાંભળવામાં આવેલ નથી. કદાચ તે **બાલબોધ** નામનો શ્રીઆચાર્યશ્રીનો ગ્રંથ હોઇ શકે. તેના આરંભમં નत्वा हरि सदानन्दं सर्वसिद्धान्तसङ्ग्रहम्

बालप्रबोधनार्थाय वदामि सुविनिश्चितम् એમ છે. તેમાંથી સર્વસિદ્ધાન્તસંગ્રહને બદલે જર્મની સંશોધકે સિદ્ધાન્તસંગ્રહ નામનો ગ્રંથ માની લીધેલો હશે.

131 वल्लभाष्टक By विट्ठलदीक्षित 10 1068 ( not 2611 )
„ वल्लभाष्टकविवृतिप्रकाश पुरुषोत्तम 10 2611
135 विट्ठलदीक्षित विट्ठलेश विट्ठलेश्वर. Son of Vallabhacharya.

(१) अष्टाक्षरनिरूपण, (२) गोपीजनवल्लभचरणैकतान, (३) नवरत्नप्रकाश, (४) भक्तिमार्गमर्यादा, (५) यमुनाष्टकटीका, (६) ललितत्रिभङ्ग, (७) विद्वन्मण्डन, (८) सप्तश्लोकी, (९) सेवनानन्तरं प्रार्थना.

( **નોંધ:**—અત્રે શ્રીગુંસાઇજીનાં સમયમાં તેમનાં પ્રચલિત ત્રણ નામો આપી નવ ગ્રંથોનો નિર્દેશ કર્યો છે. ઘણે ભાગે આ પણ સંગ્રહાત્મક ગુટકો હોઈ શકે. પહેલો ગ્રંથ શ્રીગુંસાઇજીનો છે. ૨. બીજા ગ્રથનું વાસ્તવ નામ નથી. **ગોપીજનવલ્લભચરણૈકતાન** એ તો શ્રીગુંસાઇજીનું વિશેષણ છે. કોઈ પણ તેઓશ્રીનો ગ્રંથ હોઇ શકે છે. ૩ જો ગ્રંથ પણ શ્રીગુંસાઈજીનો છે અને તે પ્રસિદ્ધ થઈ ચૂક્યો છે. **ભક્તિમર્યાદા** નામનો ગ્રંથ બિલકુલ અશ્રુતપૂર્વ લાગે છે. ભક્તિહેતુ નિબંધ અને ભક્તિહંસ એ બન્ને ગ્રંથો તો પ્રસિદ્ધ છે તે ઉભયથી આ ગ્રંથ ભિન્ન હોવો જોઇએ. ૫. યમુનાષ્ટક ઉપર શ્રીગુંસાઇજીની **વિવૃતિ** નામની ટીકા છે. તેજ અત્રે હોવી જોઇએ ૬. આ ગ્રંથ સ્તોત્ર રૂપે છે. ૭. વિદ્વન્મંડન તો પ્રસિદ્ધજ છે. ૮. સપ્તશ્લોકી સ્તોત્ર કે ગ્રંથ સાંભળવામાં આવ્યો નથી. **સપ્તશ્લોકી** ભાગવત હોવાની કિંવદંતી છે. ૯. આ કોઇ શ્રીગુંસાઇજીની વિજ્ઞપ્તિ લાગે છે. )

135 विट्ठलसहस्रनामस्तोत्र हरिदास R. 144
„ विट्ठलेश्वरस्याष्टोत्तरशतनामस्तोत्रं By Mahadav 10 1068.
137 विवेकधैर्याश्रय By वल्लभाचार्य 10 1068 2611 4 3331.
„ „ टीका By गोकुलेश्वर Priters 4 24
148 व्रजनाथ ( Son of Radhanatha ),

ललितत्रिभंगटीका.

( **નોંધ:**—શ્રીગુંસાઈજીના લલિતત્રિભંગસ્તોત્ર ઉપર વ્રજનાથજીની ટીકા )

शिक्षापत्राणि By Haridasa Pritirs. 4 24 (Ine)
„ शिक्षा By विट्ठलदीक्षित 10 1068

( **નોંધ:**—શિક્ષા નામનો ગ્રંથ (શ્રીગુંસાઇજીનો) જાણવામાં નથી. સ્વપુત્રો પ્રત્યે અગર વૈષ્ણવો પ્રત્યે શિક્ષા સંબંધી આ ગ્રંથ હોવો જોઇએ. )

154 शृङ्गाररसमण्डन विट्ठलेश्वर Strin 64
165 संन्यासनिर्णय By वल्लभाचार्य 4 4053 Ro. 283 ( only J )
176 सेवाकौमुदी By विट्ठलदीक्षित Pitirs 4 14
„ सेवाफलस्तोत्र वल्लभाचार्य 10 1068
R. 734 Pritrs 4 24
„ टीका बालकृष्ण P. 4 24

,, ,, कल्याणराय ,, 4 24

( **નોંધ:**—સેવાફલ નામનો શ્રીઆચાર્યજીનો ગ્રંથ બાર ટીકાઓ સાથે મુદ્રિત થયો છે. તેમાં **બાલકૃષ્ણજી**ની ટીકા નથી તેથી અત્રે જણાવેલી **બાલકૃષ્ણ કૃત ટીકા** અમુદ્રિત તથા દુર્લભ છે. )

**हरिदास** a Relative of Vitthaleshwar

**(१) शिक्षापत्राणि, (२) वल्लभाचार्यपद्य, (३) प्रभुप्रादुर्भावविचार, (४) भक्तिवर्धिनी टीका (५) वल्लभपञ्चाक्षरस्तोत्र (६) विठ्ठलेश्वरनामस्तोत्र, (ख) शिक्षापत्राणि.**

( **નોંધ:**—આ ૭ ગ્રંથોમાં **वल्लभाचार्यपद्य** અને પ્રભુપ્રાદુર્ભાવવિચાર એ બન્ને ગ્રંથો અપ્રસિદ્ધ છે. )

192 **भक्तिवर्धिनीटीका** By **कल्याणराय.**

555 **मीमांसासूत्र** or **जैमिनिसूत्र.**

J. By Vallabhachaya ( on 2 1 1 4 Hall P. 208 Piters 3 301 fr.)

( **નોંધ:**—શ્રીવલ્લભાચાર્યજીએ પૂર્વમીમાંસાના જૈમિનિસૂત્ર ઉપર ભાષ્ય રચ્યું છે. તથાપિ તે સમગ્ર ઉપલબ્ધ થતું નથી. અત્રે દ્વિતીયાધ્યાયના **પ્રથમપાદ** (તર્કપાદ) ના સૂત્ર એકથી ચાર સૂત્ર સુધીનું ભાષ્ય છે. )

,, **वल्लभजी गोस्वामी** father of Gopalji.

**( ब्रह्मसूत्राणुभाष्यप्रदीपकारेच्छारामगुरुः )**

( **નોંધ:**—શ્રીવલ્લભજી ગોસ્વામી કૃત કોઇ ગ્રંથ હોવો જોઇએ. કદાચ સુબોધિની ઉપર લેખના કર્તા વલ્લભજી હોઈ શકે. શ્રીવલ્લભજીના પુત્ર શ્રીગોપાલજી ભાષ્ય પ્રદીપકાર ઇચ્છારામભટજીના ગુરુ હતા. એમ પ્રદીપના આરંભ તથા ઇતિશ્રીથી સમજાય છે. )

555 **वल्लभाचार्य वल्लभ** or **वल्लभदीक्षित.**

(**નોંધ:**—આ નામનો કોઇ ગ્રંથ નથી પણ આચાર્યશ્રીને ઉપરના ત્રણ નામથી ઓળખવામાં આવે છે. તેના પ્રકારનો કોઇ લેખ અગર નિબન્ધ હોવાની વકી છે. )

(**નોંધ:**—નીચેના ગ્રંથો સાંપ્રદાયિક છે કે નહીં તે તો મૈસુરનું રાજકીય પુસ્તકાલય તપાસ્યા પછીજ નિર્ણય થઇ શકે. તથાપિ વિદ્યાનગરના સમ્રાટ **કૃષ્ણદેવરાય**ના સંબંધમાં અથવા તેમના ખુદના રચેલા હોવાની કિંવદન્તીયોના સંબંધમાં દરેક ગ્રંથો હોવાનાં ઘણાંખરાં અનુમાનો છે. તે ગ્રંથોમાં શ્રીવલ્લભાચાર્યજીની પૃથ્વીપરિક્રમા તથા વિદ્યાનગરના શાસ્ત્રાર્થ તેમજ કનકાભિષેક સંબન્ધી વર્ણન છે. તેમ વિદ્યાનગર ( અનાગુંડી:) માં મળેલા પં. વેંકટાચાર્ય તૈલંગ તથા કૃષ્ણદેવરાયના વંશજ તરીકે હાલમાં આનાગુંડીના રાજાના પુરોહિત **જાનપાટી રામાશાસ્ત્રી**એ મને કહેલ હતું તેથી તે દરેક ગ્રંથોના નામ પણ સંશોધક વૈષ્ણવોને આનંદ નિપજાવશે તેમ ધારી અત્રે સમાવેશ કરેલ છે. )

**कृष्णराज** a Dekhan King **( हलायुध कविरहस्य )**

**कृष्णराज** King of Maharashtra **वर्णाश्रमधर्म प्रदीप** Blk 489

**कृष्णराजगद्य** **मैसुर** 7

**कृष्णराजचम्पू** Ria 248

| | | | |
|---|---|---|---|
| कृष्णराज प्रभावोदय | मैसुर 7 | Ria | 248 |
| कृष्णराजविजय | Ria | 244 | |
| कृष्णराजसार्वभौम | म्हैसुर | 8 | |

( આ ગ્રંથની અંતર્ગત ૧૮ સતર ગ્રંથો છે. )

| | | | |
|---|---|---|---|
| कृष्णराज सार्वभौम | त्रिशती | मैसुर | 7 |
| ,, ,, | वंशरत्नप्रभा | ,, | 8 |
| ,, ,, | वंशरत्नाकर | ,, | 8 |
| ,, ,, | सहस्रनाम | ,, | 8 |
| ,, ,, | अष्टोत्तरत्रिशती | ,, | 7-8 |
| ,, ,, | अष्टोत्तरशत | ,, | 7 |
| कृष्णराय जाम्बुवती नाटक | Burnell | | 166 |
| कृष्णराय :सिद्धान्तसंग्रह | Okhirt | | 11-3296 |

( નોંધ—અહીં સુધી જર્મનીના કેટલોક ઓફ કેટલોગ ઉપરથી સાંપ્રદાયિક ગ્રંથોનું અન્વેષણ થયું છે. )

## ब्रिटीश म्युझीयम्, लन्दन.

Catalogue of Sanskrit Pali and Prakrat.

P. 1154 ( A. D. 1906-1928 ).

निर्णयार्णव १, संन्यासनिर्णय २, जलभेद ३, पञ्चपद्यानि ४, पुष्टिप्रवाहमर्यादाभेद ५, सिद्धान्तमुक्तावली ६, भक्तिवर्धिनी ७, अन्तःकरणप्रबोध ८, बालबोध ९, निरोधलक्षणम् १०, न्यासादेश ११, परिवृढाष्टकम् १२, पत्रावलम्बनम् १३, सेवाफलं १४, तत्त्वार्थदीपनिबन्ध १५.

( નોંધ:—બ્રિટીશ મ્યુઝીયમના રિપોર્ટનો ઘણો ખરો ભાગ હજુ જોઇ શકાયો નથી. )

## बंगाल एशियाटिक सोसायटी—कलकता.

Under orders of The Government of Bengal. Volum IX. Calcutta (A. D. 1888).

(નોંધ:—સન ૧૮૮૮ સુધીમાં બંગાળ એશિયાટિક સોસાયટીમાં નીચે મુજબ સાંપ્રદાયિક ગ્રન્થો ઉપલબ્ધ હતા.)

| नं. | ग्रन्थ. | पत्र. | पङ्क्ति. |
|---|---|---|---|
| 3016 | वेदान्तचिन्तामणि | | |
| 3019 | अवतारवादावली | | |
| 3021 | अणुभाष्यं | ३४२ | ८ |

Volume VIII ( 1888 )

2769 वैष्णवसिद्धान्ततत्त्वं ४२ ८

(નોંધ:—આ નામનો કોઈ સાંપ્રદાયિક ગ્રંથ પ્રસિદ્ધિમાં નથી. તથાપિ કેટલાક ચૈતન્યના સંપ્રદાયના પંડિતો પાસેથી સાંભળ્યું છે કે ઉક્તગ્રંથ શ્રીવલ્લભાચાર્યજીના સિદ્ધાન્તને અનુસરે છે. વિશેષ પ્રત્યક્ષ જોવાની આવશ્યકતા છે.)

422 भक्तिरत्नावली १०४ ७

Volume I (A. D. 1904).

18 अणुभाष्यं (श्रीवल्लभाचार्यकृतं)

23124 ,, ,,

76 तत्त्वदीपप्रकाशावरणभङ्ग (पुरुषोत्तमजीकृत) (शास्त्रार्थप्रकरण)

76 ,, (सर्वनिर्णयप्रकरण) ,,

24 ब्रह्मसूत्रं वेदान्तसूत्रं अणुभाष्यसहितं १२३

18 ब्रह्मसूत्राणुभाष्यम् ... १२४

(નોંધ:—આ સંગ્રહમાં અણુભાષ્ય તરીકે ચાર ગ્રંથો વિદ્યમાન છે તેમાંથી નં. 18 તથા 23/24 વાળા બન્ને ગ્રંથો તો પુષ્ટિસંપ્રદાયનાજ (અણુભાષ્ય) છે...પરંતુ છેલ્લા નં. 24 તથા નં. 18 વાળાં અણુભાષ્યો સાંપ્રદાયિક છે કે કેમ? તે શંકાસ્પદ છે. કારણ કે મધ્વસંપ્રદાયમાં પણ એક આચાર્યે **બ્રહ્મસૂત્રાણુભાષ્ય** નામનો ગ્રંથ લખેલ છે. કેટલોગમાં આદિ અન્તનું કંઈ પણ સૂચન ન હોવાથી ઉક્ત ગ્રંથો સાક્ષાત્ જોયા સિવાય નિર્ણય થઈ શકે નહીં...)

## बडोदा (गुजरात) राजकीय पुस्तकालये (लिखित) साम्प्रदायिकग्रन्थाः—

| | ग्रन्थः | कर्ता |
|---|---|---|
| १ | अन्तःकरणप्रबोधविवृति | |
| २ | अवतारवादावली | श्रीपुरुषोत्तमजी |
| ३ | अष्टश्लोकी व्याख्या | |
| ४ | आचार्याष्टक | श्रीहरिरायजी |
| ५ | आचार्याष्टोत्तरशतनामावली | આ ચાર ગ્રંથ સાથે છે. |
| ६ | कृष्णदासमेघनवार्ता | |
| ७ | गीतगोविन्द | |
| ८ | विठ्ठलेशाष्टोत्तरशतनामावली | |
| ९ | गोलोकवर्णनम् | |
| १० | गोविन्दविलासः | |
| ११ | चरणचिह्नवर्णनम् | श्रीहरिरायजी |
| १२ | जलभेद | श्रीवल्लभाचार्याः |

| | | | |
|---|---|---|---|
| १३ | जलभेदविवरण | कल्याणरायजी | આ પુસ્તકની ત્રણ પ્રતિ છે. |
| १४ | " | " | |
| १५ | " | " | |
| १६ | तत्त्वदीप | श्रीवल्लभाचार्याः | |
| १७ | " ( द्वितीय प्रकरण ) | " | |
| १८ | " ( प्रथम प्रकरण ) | " | |
| १९ | तत्त्वदीपिका | " | |

( નોંધઃ—તત્ત્વદીપિકા નામનો આચાર્યશ્રીનો કોઈ ગ્રંથ સાંભળવામાં આવ્યો નથી. ભ. ગીતા અથવા કોઈ ઉપનિષદ્ ઉપર ટીકા રૂપે લખાયેલો આ ગ્રન્થ હોઇ શકે. )

| | | |
|---|---|---|
| २० | दशमस्कन्धसुबोधिनीकारिकोद्धार | |
| २१ | नवरत्न | श्रीवल्लभाचार्य |
| २२ | नवरत्नविवृतिप्रकाश | पुरुषोत्तमजी |
| २२ | " ( टिप्पणी ) | श्रीविट्ठलेश्वरदीक्षित |
| २४ | " विवरण | |
| २५ | निरोधलक्षणविवृति | हरिदास |
| २६ | " वर्णनाविवृति | श्रीपुरुषोत्तमजी |
| २७ | पत्रावलम्बनविवरण | " |
| २८ | पुष्टिप्रवाहमर्यादाविवरण | कल्याणरायजी |
| २९ | प्रतिमापूजनवाद | पुरुषोत्तमजी |
| ३० | प्रेमामृतविवरण | श्रीविट्ठलेश्वर |
| ३१ | बालबोधप्रकाश | देवकीनन्दन |
| ३२ | ब्रह्मवाद | हरिदास |
| ३३ | भावैरंकुरितमिति पद्यव्याख्या | " |
| ३४ | भेदाभेदनिर्णय | पुरुषोत्तमजी |
| ३५ | मधुराष्टकविवरण | रघुनाथजी |
| ३६ | ममोत्तमेतिश्लोकार्थ | हरिरायजी |
| ३७ | मुक्तिचिन्तामणि | पुरुषोत्तमजी |
| ३८ | मुक्तितारतम्य | श्रीविठ्ठलः |
| ३९ | " | " |
| ४० | मूर्त्तिप्रतिष्ठा | |

| | | |
|---|---|---|
| ४१ | रत्नप्रकाश | विठ्ठलदीक्षित |
| ४२ | रुचिराष्टक | |
| ४३ | ललित त्रिभङ्ग | श्रीविठ्ठलनाथ |
| ४४ | ,, ,, टिका | व्रजनाथ |
| ४५ | वल्लभाष्टकविवरण | श्रीवल्लभ |
| ४६ | ,, (सव्याख्य) | रघुनाथजी |
| ४७ | विद्वन्मण्डन | विठ्ठलेश्वर } આ પુસ્તકની ત્રણ પ્રતિઓ છે |
| ४८ | ,, | ,, |
| ४९ | ,, | ,, |
| ५० | विवेकधैर्याश्रय विवृति | |
| ५१ | ,, टीका | गोकुलोत्सव |
| ५२ | शङ्कानिवारण | पुरुषोत्तम |
| ५३ | शुद्धाद्वैत ग्रन्थ | वल्लभाचार्य पुत्र |

(નોંધ—આ ગ્રંથ વડોદરાની લાયબ્રેરીમાં જઈ ખાસ તપાસવા યોગ્ય છે. **વલ્લભાચાર્ય પુત્ર** તરીકે જ્યેષ્ઠપુત્ર ગોપીનાથજીની કૃતિ અથવા ગુસાંઈજીની કૃતિ હોઈ શકે.)

| | | |
|---|---|---|
| ५४ | शृङ्काररसमण्डन | विठ्ठलेश |
| ५५ | ,, | ,, |
| ५६ | ,, | ,, |
| ५७ | श्लोकपञ्चकविवरण | हरिदास |
| ५८ | सम्प्रदायप्रदीप | गदाधर (ले. समय, संवत् १७३९) |
| ५९ | ,, ,, (तैलुगुलिपि) | गदाधर |
| ६० | ,, | ,, (ले. समय, संवत् १७६१) |
| ६१ | संवत्सरोत्सवकालनिर्णय | पुरुषोत्तम |
| ६२ | सर्वधर्मान्परित्यज्य० इति व्याख्या | श्रीविठ्ठलः। |
| ६३ | सिद्धान्तमुक्तावली व्याख्या | विठ्ठलेशजी |
| ६४ | ,, योजना | बालकृष्णः |
| ६५ | ,, टीका | |
| ६६ | ,, ,, | विठ्ठलः— |
| ६७ | सिद्धान्तरहस्य व्याख्या | बालकृष्णजी |
| ६८ | ,, विवृति-कारिका | हरिदासजी |

| | | | |
|---|---|---|---|
| ६९ | ,, विवरण | | पुरुषोत्तमजी |
| ७० | सिद्धान्तवाङ्माला | टीका० | पुरुषोत्तमजी |
| ७१ | सेवाप्रकरण—तत्वदीपटीकाशयः | | |
| ७२ | सेवाफलविवृति | | हरिदासजी |
| ७३ | सेवाभावना | | ,, |
| ७४ | स्वामिन्यष्टकविवरणम् | | ,, |

## गवर्नमेन्ट ओरिन्टयल् मेन्युस्कृप्ट (लिखित) लॉइब्रेरी मद्रास (दक्षिण).

(अत्र साम्प्रदायिका ग्रन्थास्त्वेते)

| नं. | ग्रन्थ नाम. | पत्रसङ्ख्या. | पङ्क्ति. |
|---|---|---|---|
| ५१२३ | अन्तःकरणप्रबोध | २ | २७ |
| ५१२४ | आत्मनिवेदन | २ | ६६ |
| ५१२५ | जलभेदस्तोत्रं | ३ | २७ |
| ५१२६ | ,, टीका, (भावपूर्णा) श्रीकल्याणरायजी कृता | २९ | २७ |
| ५१२७ | निरोधलक्षणं | ३ | २७ |
| ५१२८ | निरोधविवृति | ४ | २७ |
| ५१२९ | निरोधविवृतिसंशयवंशच्छेदः | १५६ | ११ |
| ५१३१ | परतत्त्वाञ्जनम् (विट्ठलेश्वरशिष्यमुरलीधरदास कृत) | ९१ | २७ |
| ५१३२ | पुष्टिप्रवाहमर्यादा | ४ | २७ |
| ५१३३ | ,, विवरणं (श्रीविट्ठलेशकृतं) | ४० | २७ |
| ५१५४ | प्रेमभक्तिरसायनं | २७ | २७ |

आरम्भे—"श्रीविट्ठलमनुस्मृत्य वल्लभार्यसुतं हरिं ।
वर्णयामि यथाबुद्धि प्रेमभक्तिरसायनम् ॥"

| | | | |
|---|---|---|---|
| ५१३५ | बालबोध | २ | २७ |
| ५१३६ | ब्रह्मविद्याभरणम् | २९ | ३० |

(इतिश्रीमन्नारायण चतुर्मुख—नारद वल्लभाचार्यादि गुरुपरम्पराप्राप्तसाकाराद्वैतमार्गप्रवर्तक—श्रीमद् ब्रह्मेश्वरभट्टकृतौ ब्रह्मविद्याभरणं सम्पूर्णम्).

નોંધઃ—આ ગ્રંથ (બ્રહ્મવિદ્યાભરણ) અણુભાષ્યની ટીકા તરીકે છે.

| | | | |
|---|---|---|---|
| ૫૧૩૭ | ब्रह्मसूत्राणुभाष्यं<br>( इतिश्री वेदव्यासमतवर्तिश्रीवल्लभाचार्यविरचिते ब्रह्मसूत्राणुभाष्ये प्रथमाध्यायस्य प्रथमः पादः ) | ૫૧૮ | ૯ |
| ૫૧૩૮ | ब्रह्मसूत्राणुभाष्यं<br>इति श्रीमद्वेव्यासमतवर्तिब्रह्मसूत्राणुभाष्ये चतुर्थाध्यायस्य चतुर्थः पादः ) | ૨૬૭ | ૯ |
| ૫૧૩૯ | ब्रह्मसूत्राणुभाष्यं | ૫૫૪ | ૧૦ |
| ૫૧૪૦ | भक्तिचिन्तामणि ( मुरलीधरदासकृतः ) | ૨૯ | ૨૭ |
| ૫૧૪૧ | भक्तिहंस | ૧૪ | ૨૭ |
| ૫૧૪૨ | भक्तिहेतुनिर्णय | ૧૬ | ૯ |
| ૫૧૪૩ | भक्तिहेतुविवृतिः ( रघुनाथजी कृता ) | ૨૯ | ૯ |
| ૫૧૪૪ | भगवद्भक्तिरत्नावली ( परमहंस–विष्णुपुरी ) | ૮૮ | ૯ |
| ૫૧૪૫ | भगवन्नामदर्पणम् ( मुरलीधरदासकृतं ) | ૫૦ | ૧૪ |
| ૫૧૪૬ | भगवन्नामवैभवं ( मुरलीधरदासकृतं ) | ૯૩ | ૨૨ |
| ૫૧૪૭ | भागवतप्रकरणं ( निबन्ध ) | ૫૫૪ | ૧૩ |
| ૫૧૪૮ | भागवततत्त्वदीपप्रकाशावरणभङ्ग । | ૨૬૬ | ૧૪ |
| ૫૧૪૯ | विवेकधैर्याश्रयम् | ૩ | ૨૭ |
| ૫૧૫૦ | शाण्डिल्य सूत्रं सभाष्यं ( भाष्य० मुरलीधरदास ) | ૬૩ | ૧૨ |
| ૫૧૫૧ | सम्प्रदायकुलदीपिका (गदाधरदासकृता) | ૬૪ | ૨૭ |
| ૫૧૫૨ | सिद्धान्तरहस्य विवरणं (पुरुषोत्तमजीकृतं) | ૬૧ | ૯ |
| ૫૧૫૩ | सुवर्णसूत्रं (विद्वन्मण्डनव्याख्या०) | ૧૪૮ | ૧૩ |
| ૫૧૫૩ | सेवाकल्पतरु (मुरलीधरदास कृतंः) | ૪૨ | ૧૪ |
| ૫૧૫૫ | सेवाफलं | ૨ | ૨૭ |
| ૫૧૫૬ | हरिदाससिद्धान्तः (हरिरायजी) | ૨ | ૨૭ |

(8) Report 1898 Madras

(નોધ:—સન્ ૧૮૯૮ ના વર્ષમાં મહાન્ સંશોધક શેષગિરિ શાસ્ત્રીજી (એમ. એ.) યે સંસ્કૃત અને તામિલ ગ્રંથોનો મ્હોટો સંગ્રહ એકત્ર કરેલો તે ઉપરના રિપોર્ટમાં નંબરવાર આપેલ છે. તેમાંથી ૨૫ સાંપ્રદાયિક ગ્રંથો ઉપલબ્ધ થાય છે......ઘણે ભાગે મદ્રાસ :લાયબ્રેરીમાંના લિસ્ટમાં જણાવેલા પુ. સાંપ્રદાયિક ગ્રંથોમાંના કેટલાક શાસ્ત્રીજીના સંગૃહીત પણ હોઈ શકે............ એપીગ્રાફિકા ઇંડીકાના રિપોર્ટમાં પણ ઉક્ત શાસ્ત્રીજીયે સંગૃહીત પુસ્તકોનું લીસ્ટ આપેલ છે.)

| सं. | ग्रन्थनाम. | कर्ता. |
|---|---|---|
| २६ | भगवन्नामवैभवं | मुरलीधरदासजी |
| २७ | परतत्त्वविलासः<br>(નોંધઃ—આ ગ્રંથ સાંપ્રદાયિક તરીકે પ્રસિદ્ધ નથી...તથાપિ ગ્રંથમાં પરતત્ત્વ શ્રીકૃષ્ણને માનેલા છે.) | कृष्णतीर्थ |
| २८ | सुवर्णसूत्रं (विद्वन्मण्डन व्याख्या) | पुरुषोत्तमजी |
| २९ | सेवाकल्पतरुः | मुरलीधरदासः— |
| ३० | संन्यासनिर्णय | श्रीवल्लभाः— |
| ३१ | पुष्टिप्रवाहमर्यादा | ,, |
| ३२ | बालबोध | ,, |
| ३३ | भक्तिहंस | श्रीविट्ठलेश्वरः— |
| ३४ | भक्तिचिन्तामणि | मुरलीधरः— |
| ३५ | सम्प्रदायकुलदीपिका | गदः— |
| ३६ | भक्तिहेतुनिर्णय | श्रीविट्ठलेशजी |
| ३७ | ,, विवृतिः | रघुनाथजी |
| ३८ | भगवन्नामदर्पणम् | मुरलीधरदासः— |
| ३९ | प्रेमभक्तिरसायनं | ,, |
| ४० | परतत्त्वाञ्जनं | ,, |
| ४१ | भक्तिसूत्रभाष्यं | ,, |
| ४२ | ब्रह्मसूत्रभाष्यं | श्रीवल्लभाः— |
| ४६ | तत्त्वदीपनिबन्ध (भागवत०) | ,, |
| ४७ | श्रीसुबोधिनीप्रथमस्कन्धः | ,, |
| ४८ | ,, (दशम० अ. १७) | ,, |
| ४९ | ,, (दशम० उत्त० अ. ९) | ,, |
| ५० | ,, (दशम० उत्त० ३४) | ,, |
| ५१ | निरोधविवृतिः | |
| ५२ | तत्वदीपप्रकाश | पुरुषोत्तमजी |

( इदं श्रीमुरलीधरदासचरणकमलपरागदासेन विट्ठलदासेन, रौद्रसंवत्सरे कुम्भमासे १ दिने संगवकाले—शालिवाटी पुर्यां लिखित्वा समाप्तमभवत्. )

(નોંધ)—આ ગ્રંથ તત્વદીપ નિબન્ધ ઉપર શ્રીપુરુષોત્તમજી કૃત આવરણભંગની ટીકાનો છે, અને તેને પ્રસિદ્ધ સાંપ્રદાયિક પંડિત મુરલીધરદાસના શિષ્ય વિઠ્ઠલદાસે શાલીવાટી પુરી (ઘણે ભાગે શેખાવાટી (મારવાડ)) માં લખ્યો છે. સંવતની સંખ્યા આપી નથી.

## म्हैसुर ( दक्षिण ) राजकीय-पुस्तक ( लिखित ) सङ्ग्रहे साम्प्रदायिकग्रन्थाः—

जोर्ग

वोल्युम १.

| नम्बर | | ग्रं. सं. | कर्ता. | |
|---|---|---|---|---|
| १०५२ | पुरुषोत्तममंत्र | १००० | | ले. समय-सन १८८४ |
| १९०० | पवित्रारोपणविधान | | | |
| २१११ | गुरुपरम्परा | | | |
| २१५० | पुरुषोत्तमचरित्र | | | |

( સમ્રાટ્ કૃષ્ણદેવરાયના ચરિત્રસૂચક ગ્રંથો )

| | | | | |
|---|---|---|---|---|
| २२५२ | श्रीकृष्णराजविजय | | वेङ्कटेश कवि | |
| २२९१ | कृष्णराजचम्पू | | गङ्गाधरशास्त्री | |
| | | | (આ ગ્રંથ ૩૦૦૦) શ્લોક સંખ્યાનો છે.) | |
| २६१४ | कृष्णप्रभावोदय | २०० | श्रीनिवासाचार्य | |
| २६१४ | कृष्णभूपालीय | ७५० | गरलपुरीशास्त्री | |

कॅटलॉग सन् १९००.

१५८ वैष्णवधर्मशास्त्रम्

१५९ वैष्णवधर्मसङ्ग्रहः

१७९ सम्प्रदायप्रदीपिका

५६८ गोकुलाष्टकम् (सव्याख्यानम्)

६१२ भक्तिरत्नावलीस्तोत्रं

७०८ पवित्रारोपणाद्युत्सवप्रयोग

७०८ श्रीसुबोधिनी (श्रीवल्लभदीक्षित विरचिता दशमस्कन्धे उत्तरार्धः समग्रः )

पत्र सं. ५१५-

(નોંધ—શ્રીસુબોધની પ્રાચીન પ્રતિ લાગે છે.)

વિશેષ—આ સંગ્રહમાં કેટલાક ગ્રંથો અસાંપ્રદાયિક પણ હોઇ શકે, वैष्णवधर्मशास्त्र વિગેરે ગ્રંથો ખાસ જોવાની આવશ્યકતા છે.

७४८ कृष्णराजकाव्यम्

९६२ कृष्णराजकलोदयः

( નોંધ—આ બન્ને ગ્રંથો કૃષ્ણદેવરાયના ચરિત્રસૂચક લાગે છે.

## विकानेर (मारवाड) राजकीय पुस्तकालय (हस्तलिखित)

| कॅटलॉग पत्र. | | पत्र. | पङ्क्ति |
|---|---|---|---|
| २३१ | गोकुलेशाष्टक | ३ | ११ |
| २४९ | यमुनाष्टकटीका | ३० | ११ |
| ५७१ | भगवत्स्वरूपं | ७ | १४ |
| ,, | भक्तिवर्धिनीवृत्तिः | १८ | ८ |

(નોંધ—અહિં ગ્રંથના નામ સિવાય વિસ્તારવાળી નોંધ આપી નથી તેથી યમુનાષ્ટક તથા ભક્તિવર્ધિનીના ટીકાકાર કોણ છે તે સાક્ષાત્ જોવા સિવાય નિર્ણય થઈ શકતો નથી.

## સં. ૧૯૮૦ ના માર્ગશીર્ષ તથા પોષ માસમાં થયેલું અન્વેષણ.

ગત માર્ગશીર્ષ માસમાં સાંપ્રદાયિક ગ્રંથાન્વેષણ માટે હું વૃન્દાવન ગોકુલ તથા કોટા પ્રભૃતિ સ્થળે ગયો હતો. ખાસ ઇચ્છા તો **સંપ્રદાયપ્રદીપ**ની અસલ પ્રતિની શોધ માટે હતી કારણ કે દ્વિવેદી ગદાધરદાસે સંપ્રદાયપ્રદીપની ઇતિશ્રીમાં જણાવ્યું છે કે "આ ગ્રંથ મેં વૃન્દાવનમાં શ્રીગોવિંદજીના મંદિરમાં બેસીને લખ્યો છે." તે ઉપરથી કદાચ વૃન્દાવનમાં ઉક્ત મંદિરમાં અથવા અન્યત્ર કોઇ સ્થળેથી સંપ્રદાયપ્રદીપની અસલ પ્રતિ પ્રાપ્તિ થશે, તેવા આશયથી લગભગ એક માસ વૃન્દાવન તરફ પરિભ્રમણ કર્યું. જો કે જે ગ્રંથની આશાથી નિકળ્યો હતો તે વસ્તુની પ્રાપ્તિ તો ન થઈ પરંતુ મથુરામાં શ્રીગોપાલાલજી મહારાજશ્રીના પુસ્તકસંગ્રહમાંથી ઘણીજ જૂની સંપ્રદાયની બે પ્રતિઓ મળી. તેમ વૃન્દાવનમાં ગોવિંદદેવજીના ગોસ્વામીને પણ મળ્યો. તેમણે ઘણા ખેદ સાથે પ્રકટ કર્યું કે ઔરંગઝેબ બાદશાહના સમયમાં જ્યારે આ મંદિર ઉપર આક્રમણ કર્યું ત્યારે અત્રેની શ્રી...ની મૂર્તિ તથા મહાન ગ્રંથ સંગ્રહ રાતોરાત જયપુર રવાના કરવામા આવ્યાં હતાં. ત્યારપછી વૃન્દાવનના ચૈતન્ય સંપ્રદાયના ગોસ્વામીયો અને વિદ્વાનોને ત્યાં સાંપ્રદાયિક ગ્રંથાન્વેષણ શરૂ કર્યું.

રિસર્ચમાં કેટલી આપત્તિઓ અને કલેશને સહન કરવા પડે છે તે તો સંશોધકજ જાણી શકે છે. જેનો કેટલોક અનુભવ હું મારા કનકાભિષેકવાળા લેખની પ્રસ્તાવનામાં આપી ગયો છું એટલે તેવો યાત્રાજનિત કલેશ કે પ્રતિબન્ધોનું વર્ણન અસ્થાને સમજી લેખને વિસ્તૃત કરવો ઇષ્ટ નથી તો પણ **उद्यमेन हि सिध्यान्ति** એ ન્યાયાનુસાર પરિશ્રમ કરનારને શ્રીવલ્લભાધીશપ્રભુ અવશ્ય કંઇને કંઈ ફળ આપી સંતુષ્ટ કરેજ છે. તે પ્રમાણે મને પણ જે પ્રાપ્ત થયું છે તે ઇતિહાસપ્રિય વૈષ્ણવોના સમક્ષ નિવેદન કરીઃ પોતાના કર્તવ્યનું પાલન કરૂં છું.

કાશીમાં નિવાસ કરનારા મ. મ. દામોદર ગોસ્વામીજીના જ્યેષ્ઠ ભ્રાતા વનમાલીલાલજી ગોસ્વામી વૃન્દાવનમાં રહે છે. તેઓ જેવા વયોવૃદ્ધ છે તેવાજ વિદ્યાવૃદ્ધ અને સૌજન્યશાલી મહોદય છે. તેમના મહાન પુસ્તક સંગ્રહમાંસાંપ્રદાયિક પુસ્તકોનો પણ સંગ્રહ છે. તે નીચે આપ્યો છે.

| | | લેખન સમય. |
|---|---|---|
| १ | अणुभाष्य | सं. १७३५ भाद्रपद कृ. १४ बुधवासरे |
| २ | विद्वन्मण्डनम् | सं. १७३६ आश्विन शु. ९ |

३ दशमस्कन्धानुक्रमणिका

४ षोडशग्रन्थ (मूल)

५ वल्लभाष्टकं (मूल)

(આ ગ્રંથની લીપી શ્રીગુંસાઇજીના સમયનીજ જણાય છે.) પ્રાચીન છે.

६ गोकुलेशाष्टकं (मूल)

७ सर्वोत्तमस्तोत्रं (मूल)

८ पुष्टिप्रवाहमर्यादाटीका (रघुनाथजीकृता)

આઠ ગ્રંથો ઉપર્યુક્ત ગોસ્વામીજીને ત્યાં વિરાજે છે.

વૃન્દાવનમાં એક ગોવર્ધનલાલજી મથુરાસ્થ ભટ્ટજી પણ સારા વિદ્વાન્ છે. તેમને ત્યાં પણ સાંપ્રદાયિક ગ્રંથસંગ્રહ છે.

१ सुबोधिनी दशम. पूर्वार्ध सम्पूर्ण

२ विद्वन्मण्डनम्

३ वल्लभाष्टकविवरणम् (श्रीवल्लभजीकृतं)

४ यमुनाष्टकटीका

આ ચાર ગ્રંથો ભટ્ટજીને ત્યાં વિરાજે છે.

વૃન્દાવનમાં શ્રીરંગજીનું મંદિર પ્રસિદ્ધ છે. ત્યાંના પુસ્તક સંગ્રહમાં પણ

१ अणुभाष्यम् (समग्रम्) છે.

## श्रीगोकुल.

ગોકુલમાં વલ્લભઘાટ ઉપર વ્રજરત્નદાસજી નામના એક ભરૂચી વૈષ્ણવ રહે છે. તેમને ત્યાં પણ ગ્રંથ સંગ્રહ સારા પ્રમાણમાં છે કપડવંજવાળા ભાઈ ઉત્સવલાલ પરીખના સૌજન્યથી તે સંગ્રહ જોવાને હું ભાગ્યશાળી થયો છું.

१ श्रीसुबोधिनी (दशम पूर्वार्ध) ५७२

પુસ્તકના પહેલા પત્ર ઉપર "पुस्तकमिदं मठपति नाथूभट्टस्य" એમ લખેલું છે અને ગ્રંથની ઇતિશ્રીમાં ગ્રંથ સંખ્યા ૮૮૪૩ બતાવેલ છે (અર્થાત્ ૮૮૪૩ શ્લોકના પૂર જેટલું લખાણ છે( અને સંવત્ ૧૫૯૮ માં લખેલ છે. આ સુબોધિનીજીનું પુસ્તક શ્રીઆચાર્યશ્રીના સમયમાંજ લખાયલું હોવાથી પાઠાંતર શોધન માટે ઘણુંજ ઉપયોગી છે. આચાર્યશ્રીના અને શ્રીગુસાંઇજીન સમયના પુસ્તકોને સંપ્રદાયમાં ઘણુંજ મહત્ત્વ છે.

२ भगवद्गीताभाष्यं (मठपति कल्याणभट्ट विरचितं) लेखनसमय सं. १९२१ काशीमध्ये.

(**નોંધ:**—આ ગીતાભાષ્ય ઘણુંજ ઉપયોગી છે. દીક્ષિત ચિંતામણિના પુત્ર મઠપતિ કલ્યાણ-ભટ્ટજીએ આ ભાષ્ય રચ્યું છે. કલ્લોલના કર્તા **કલ્યાણભટ્ટ** આજ હોવાનો ઘણો સંભવ છે. આ પુસ્તક કાશીમાં લખાયલું હોવાથી કાશી અને પ્રયાગની આસપાસના થાનમાં પુષ્ટિસંપ્રદાયનું **અપ્રસિદ્ધ** સાહિત્ય હોવા વિષે સંદેહને સ્થાન નથી.)

૩ श्रीभागवतरहस्यबोधिनी टीका ६१४
( નોંધઃ–આ ટીકાકાર નામનો ઉલ્લેખ જોવામાં આવતો નથી પણ ટીકા પુષ્ટિસંપ્રદાયને અનુસરતી છે તે નિર્વિવાદ છે. )

૪ कल्लोल ( कल्याणभट्ट कृत ) संस्कृत पत्र ८१
( નોંધઃ–આ કલ્લોલ ૧૪ ચૌદમા કલ્લોલ તરીકે શ્રીગોકુલનાથજીના ચારિત્ર્યવર્ણનાર્થ પ્રસિદ્ધ છે. ઇતિશ્રીમાં सं. १८७७ वर्षे आश्विन कृष्णे १२ चन्द्रवासरे द्वारकापुरी कांकरोली मध्ये लिखितं આવી રીતે છે.)

૫ कल्लोल सम्पूर्ण
શ્રીગોકુલનાથજીના પરમ કૃપાપાત્ર કલ્યાણ ભટ્ટજી સમર્થ વિદ્વાન્ હતા તેમણે શ્રીગોકુલેશજીનું યાવન્માત્ર ચરિત્ર આ મહાન્ ગ્રંથમાં વર્ણવેલું છે. ગ્રંથ સંસ્કૃતમાં પદ્યમય છે. કલ્લોલ ગ્રંથમાં અવાંતર ૧૫ પંદર કલ્લોલ છે અને તે પ્રત્યેક કલ્લોલમાં અનેક તરંગો છે. લગભગ ૪૦૦૦૦ ચાલીસ હજાર શ્લોકનું સાહિત્ય છે. ઉપર્યુક્ત ગ્રંથ સં. ૧૯૨૦ના શ્રાવણ વદિ નવમીયે પૂર્ણ થવાનું લખ્યું છે અને જયપુરવાસી હરિદાસે ઉતાર્યો છે. આવી રીતે ઇતિશ્રી ઉપરથી સમજાય છે.

( નોંધઃ–આ મહાન વિસ્તૃત ગ્રંથની સાધારણ અનુક્રમણિકા પણ તાત્પર્ય સમજવા નીચે પ્રમાણે આપી છે. )

| पत्र सं. | कल्लोल संख्या. | तरंगसंख्या. | विषय. |
|---|---|---|---|
| ૪૯ | प्रथम कल्लोल | ૫૦ | શ્રીગોકુલેશજીનું પ્રાકટ્ય |
| ૫૨ | द्वितिय ,, | ૫૪ | શ્રીગોકુલમાં પધારવું |
| ૫૭ | तृतीय ,, | ૬૩ | મથુરાતથાગોકુલમાં વિહાર કરવો |
| ૬૦ | चतुर्थ ,, | ૫૮ | સિકંદરપુર ( અમદાવાદ ) પધારવું |
| ૨૩ | पञ्चम ,, | ૨૧ | [ स्तम्भपुरादि विहार ] ખંભાત વિગેરે પ્રદેશમાં પધારવું |
| ૧૫ | षष्ठ ,, | ૧૩ | ગોકુલમાં આનંદ |
| ૩૫ | सप्तम ,, | ૨૭ | અસુરોયે ( ચિદ્રૂપ વિગેરે ) કરેલો તિરસ્કાર |
| ૩૨ | अष्टम ,, | ૨૪ | શહેનશાહ પાસે વિજય થયો |
| ૧૧ | नवम ,, | ૧૧ | સોરમજી પધાર્યા |
| ૪૯ | दशम ,, | ૪૬ | દિવસમાં વિશ્રાંતિ વખતનો વિનોદ |
| ૭૫ | एकादश ,, | ૫૮ | સાયંકાલનો વિનોદ |
| ૪૦ | द्वादश ,, | ૨૯ | રાત્રિમાં મંગલમય વૃત્તાંત |
| ૨૨ | त्रयोदश ,, | ૧૪ | આનંદરસ |
| ૨૪ | चतुर्दश ,, | ૩૦ | શ્રીમુખના વચનામૃત |
| ૧૨૭ | पञ्चदश ,, | ૬૭ | મહામહોત્સવવર્ણન |

આવી રીતે આ મહાન ગ્રંથની સૂક્ષ્મ સૂચી છે.

ગોકુલમાં ગોવિન્દદાસજી નામના વૈષ્ણવને ત્યાં પણ નિમ્નલિખિત ગ્રંથો છે.

૧ स्फुरत्प्रेमामृतटीका ( श्रीवल्लभ ) ले. स. १८६८ मार्गशीर्ष १० ( આ ટીકા અપ્રસિદ્ધ છે. )

૨ सर्वोत्तम ( श्रीवल्लभ टीका ) ले स सं १९९९
( આ ટીકા વિસ્તૃત છે અને અમુદ્રિત છે. )

## प्राचीन कल्लोलग्रन्थ.

ગોકુલમાં શ્રીગોકુલનાથજીના મંદિર પાસે એક ભરૂચી વૈષ્ણવ ગુલાબબાઇ નામની રહે છે તેમને ત્યા પ્રાચીન ગ્રંથસંગ્રહ હોવાનું સાંભળતાં ચતુર્થ-પંચમ પીઠાધીશ્વર મહારાજશ્રીની કૃપાદ્વારા તે બાઇને ત્યાં શ્રી ..ના દર્શનના લાભની સાથે ૩-૪ રેશમી બન્ધનથી આવૃત ગ્રંથોનાં પણ દર્શન થયાં હતાં. ગ્રંથો મોટાં બે બંધનોમાં વિભક્ત કરેલા છે. મેં તે ગ્રંથોનાં બંધન ખોલીને દર્શન કરવાની ઇચ્છા પ્રકટ કરી પરંતુ તે ભગવદીય બ્હેને સ્પષ્ટ નકારજ વાળ્યો અને વધારામાં ઉમેર્યું કે મારા પિતાશ્રી કે જેમની કૃપાદ્વારા આ ગ્રંથો અને સેવા મને મળ્યાં છે. તેની અંતિમ આજ્ઞા એ હતી કે, આ ગ્રંથોનાં બંધનો કયારે પણ કોઇએ ખોલવાં નહીં. વિગેરે સાંભળી મને ઘણું જ આશ્ચર્ય થયું. મેં વિનયથી પૂછ્યું કે ત્યારે આ પોથીયોમાં કયા કયા ગ્રંથો હશે તે તો તમને બિલકુલ ખબર હશે નહીં. તે બ્હેને જણાવ્યું કે મારા પિતાશ્રીએ મને ખાસ જણાવ્યું હતું કે આમાંના એક બંધનમાં તો કલ્લોલગ્રંથ સંપૂર્ણ શ્રીકલ્યાણભટ્ટના હાથથી લખાયલો છે અને બીજા બંધનમાં શ્રીગોકુલનાથજી ચિદ્રૂપના ઉપદ્રવશમનાર્થ જયારે કાશ્મીર પધાર્યા હતા તે વખતના અનેક શાહી ફરમાનો વિજયપત્રો અને શ્રીગોકુલનાથજીના હસ્તાક્ષરો પણ વિરાજે છે. વગેરે વગેરે. કદાચ આ કથન ભગવદીય ભરૂચી બ્હેનનું સત્ય હોય તો નિઃસંદેહ શ્રીગોકુલેશજીના જીવન ચારિત્રમાં ઘણોજ અનેરો પ્રકાશ પડે તેમ છે. ખરેખર મહાનુભાવ ચતુર્થપીઠાધીશ્વર મહારાજશ્રી આવા પ્રાચીન સંશોધનમાં મુખ્ય ભાગ લે છે. કોઈ પણ પ્રકારાંતરથી આ વૃત્તાંતનો સત્યાસત્ય નિર્ણય થવાની જરૂર છે.

## શુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગનું અપ્રસિદ્ધ ( અમુદ્રિત ) ગ્રંથસાહિત્ય.

| सं. | ग्रन्थ. | कर्ता. |
|---|---|---|
| १ | अणुभाष्यसाहित्ये प्रसादवागीश टीका | तृतीयपीठाधीश्वर श्रीबालकृष्णजी |
| २ | श्रीगिरिधरकृत विवरणं | प्रथमपुत्र श्रीगिरिधरजी |
| ३ | भाष्यप्रकाश | श्रीमथुरानाथजी |
| ४ | सिद्धान्तप्रदीप | श्रीमुरलीधरजी |
| ५ | वेदान्तसिद्धान्तचन्द्रिका ( प्रभा ) | श्रीव्रजनाथजी |
| ६ | भाष्यप्रदीप | श्रीगिरिधरजी |
| ७ | निगूढार्थप्रकाशिका | लालूभट्टजी |
| ८ | वेदान्तकौमुदी | श्रीवल्लभदेवजी |
| ९ | ब्रह्मविद्याभरणम् | श्रीब्रह्मेश्वरभट्ट |
| १० | अणुभाष्यतत्त्वम् | बालमुकुन्दजी |
| ११ | निबन्धशास्त्रार्थप्रकरणयोजना | केषांचित् |
| १२ | पूर्वमीमांसाकारिकाविवरण | श्रीपुरुषोत्तमजी |
| १३ | सिद्धान्तलेश | वासुदेवभट्ट |
| १४ | मायावादखण्डनम् | केषाञ्चित् |

| | | |
|---|---|---|
| १५ | ब्रह्मवादविवरण | गोपालकृष्ण |
| १६ | विजयवाद | गोपालकृष्ण |
| १७ | कर्मसमुद्धार | श्रीपुरुषोत्तमदासजी |
| १८ | श्रुत्यर्थानन्दसन्दोह | श्रीव्रजाभरणदीक्षित |
| १९ | शुद्धाद्वैतसिद्धान्त | रणच्छोडभट्ट |
| २० | विष्णुबालक्रीडा | बिल्वमङ्गल |
| २१ | सम्प्रदायप्रदीप | द्विवेदी गदाधर |
| २२ | भगवत्तत्त्वदीपिका | " |
| २३ | हरिभजनमणिमञ्जरी | " |
| २४ | रससुधार्णव | गोष्ठीशाल गोपालकृष्ण |
| २५ | प्रयोगसार | बालकृष्णभट्ट |
| २६ | नामावली टीका ( विस्तृत ) | जयगोपालभट्ट |
| २७ | विष्णुस्वामिसिद्धान्तीयचन्द्रिका | केषाञ्चित् |
| २८ | प्रेमामृतविवृति ( विस्तृत ) | श्रीविट्ठलेश्वर |
| २९ | उल्लासटीका ( शृङ्गाररसमण्डन ) | श्रीगोकुलोत्सवजी |
| ३० | स्फुरत्प्रेमामृतटीका ( महती ) | श्रीगोकुलनाथजी |
| ३१ | सर्वोतमस्तोत्रबृहट्टीका ( स्वतन्त्राख्या ) | " |
| ३२ | पाराशर्यचिन्तामणि | श्रीबालकृष्णजी |
| ३३ | उत्सवनिर्णय | श्रीहरिरायजी |
| ३४ | संवत्सरोत्सवकल्पलता | श्रीव्रजराजजी |
| ३५ | जन्मोत्सवनिर्णय | चाचा गोपेशजी |
| ३६ | व्रतविवेकभास्करोदय | क्षत्रिय कृष्णचन्द्रजी |
| ३७ | एकादशीनिर्णय | कल्याणरायजी |
| ३८ | नृसिंहजयन्तीनिर्णय | " |
| ३९ | श्रावणद्वादशीनिर्णय | " |
| ४० | वामनोत्सवनिर्णय | श्रीगोपालजी |
| ४१ | आश्विनपूर्णिमानिर्णय | श्रीरघुनाथजी |
| ४२ | उत्सवमालिका | भट्टगोकुलचन्द्रजी |
| ४३ | सारसङ्ग्रह | श्रीवल्लभाचार्यजी |
| ४४ | आनन्दमीमांसा | गोकुलकृष्णभट्ट |

| | | |
|---|---|---|
| ४५ | भक्तिरहस्यवाद | केषांचित् |
| ४६ | भक्तिरत्नावली | रामकृष्णपुरी |
| ४७ | पुष्टिमार्गीयाह्निक | व्रजराजजी |
| ४८ | मालोद्धारलीलावर्णनम् | गोपालदासजी ( व्यारानिवासी ) |
| ४९ | भगवद्गीताभाष्यं | मठपति कल्याणभट्टजी |
| ५० | सज्जनमण्डनं ( श्रीगोकुलेशचरित्रात्मक ) | गोकुलवासी महावदासजी |
| ५१ | भगवत्संल्लापपीयूष | गो. गोपेश्वरशिष्य कृष्णदास |
| ५२ | रुचिराष्टकं सव्याख्यं | श्रीरमणलालजी |
| ५३ | परतत्त्वाञ्जनम् | मुरलीधरदासजी |
| ५४ | भक्तिचिन्तामणि | " |
| ५५ | भगवन्नामदर्पणं | " |
| ५६ | भगवन्नामवैभवम् | " |
| ५७ | सेवाकल्पतरु | " |
| ५८ | प्रेमभक्तिरसायनम् | " |
| ५९ | चरित्रचिन्तामणि | श्रीदेवकीनन्दनजी |
| ६० | कल्लोलं ( सम्पूर्ण ) | कल्याणभट्टजी |

આ સિવાયનાં પ્રકીર્ણ લેખો અને ષોડશગ્રંથાદિ ઉપરની ટીકા ટીપ્પણીઓ પણ મોટી સંખ્યામાં અમુદ્રિત છે.

પુષ્ટિભક્તિસુધા માસિકમાં જો કે

| | | |
|---|---|---|
| १ | पूर्वमीमांसाभाष्य ( દ્વિતીયાધ્યાયનો પ્રથમપાદ ) | श्रीमदाचार्य० |
| २ | " विवरण | पुरुषोत्तमजी |
| ३ | साधनदीपिका | ज्येष्ठपुत्र श्रीगोपीनाथजी |

વિગેરે નાના મોટા અનેક ગ્રંથો લગભગ અનુવાદ સાથે મુદ્રિત થઈ ગયા છે તથાપિ પાઠાંતર શુદ્ધિ અને વિશેષ ઉપલબ્ધ સાહિત્ય સાથે મુદ્રણ કરવાની ખાસ આવશ્યતા જણાય છે.

## अन्तिमनिवेदनम्

શ્રીવલ્લભાધીશપ્રભુના કૃપાબલથી સાંપ્રદાયિક સાહિત્યના સંશોધનમાં લગભગ ચાર માસ સુધી પર્યટન કરી યાત્રાજનિત ક્લેશાદિની પરવા ન કરતાં પણ જે કંઇ અન્વેષણ કર્યું છે તે શ્રીમદાચાર્યજી અને તેમના મહાનુભાવી વંશજોના અલૌકિક પ્રતાપપુંજ કારણ છે. વિદ્યાનગર, મદ્રાસ, મૈસુર, તંજોર, હૈદ્રાબાદ ( દક્ષિણ ), પંઢરપુર, નાસિક, પૂના, વડોદરા, કોટા, મથુરા, ગોકુલ, વૃન્દાવન અને કામવન પ્રભૃતિ સ્થળોમાં...રાજકીય પુસ્તકાલયોમાં કોઇ વિદ્વાન્ કે

16041
25/11/66



વૈષ્ણવના ગૃહમાં વિરાજતાં પુસ્તક સંગ્રહનું અવલોકન કરી જે કંઇ પ્રાપ્ત થયું છે તે સારગ્રાહી વૈષ્ણવ વૃન્દ સમક્ષ પ્રકટ કરતાં આત્મકર્તવ્ય સમજું છું. શોધખોળ (**રિસર્ચ**)નું ફલ દૃષ્ટ ન હોવાથી આ નાનકડા પુસ્તકથી પણ સદ્‌ગુણી વૈષ્ણવો જરૂર પ્રસન્ન થશે.

હજુ આ દિશામાં ઘણુંયે અવશિષ્ટ કાર્ય છે. આ તો એક શતાંશ પણ અન્વેષણ થયું ન મનાય. સાંપ્રદાયિક શોધખોળની પ્રવૃત્તિમાં કોઇ સમર્થ અર્થસાહાય્ય આપનાર આચાર્યશ્રી અગર ધનિક વૈષ્ણવ વર્ગ કૃપા કરશે ત્યારેજ વધારે સંતોષજનક કાર્ય થઇ શકશે. उत्पत्स्यते च मम कोऽपि समानधर्मा कालोह्ययं निरवधिर्विपुला च पृथ्वी। निवेदक-भट्ट जटाशंकर शास्त्री.

## પુષ્ટિમાર્ગીય તિલકની પ્રાચીનતા.

(લે. **શાસ્ત્રી જટાશંકર કાનજી ભટ્ટ.**)

ગત ડિસેમ્બર માસમાં સાંપ્રદાયિક સાહિત્યની શોધ માટે હું વિદ્યાનગર થઇ મદ્રાસ ગયો હતો. ત્યાંની પ્રસિદ્ધ લાઇબ્રેરી **કેનીમેરા** તથા અડીયારની લાઇબ્રેરી તપાસ્યા બાદ મદ્રાસનું પ્રસિદ્ધ મ્યુઝીયમ જોવાની તીવ્ર ઇચ્છા થઇ. દક્ષિણ પ્રાંતમાં પણ **બૌદ્ધસ્તૂપોના** અવશેષો તથા બૌદ્ધ કાલીન મૂર્તિઓનો સંગ્રહ ઉત્તર ભારતથી કોઇ રીતે ન્યૂન સંખ્યામાં તો નથીજ વગેરે. મદ્રાસ અને મૈસુરનાં મ્યુઝીયમ જોનારને સ્પષ્ટ સમજી શકાય તેમ છે.

મદ્રાસના મ્યુઝીયમમાં રહેલી મૂર્તિઓના મુખ્ય ત્રણ વિભાગ પાડી શકાય.

૧. બૌદ્ધકાલીન મૂર્તિસંગ્રહ, ૨ જૈનકાલીન મૂર્તિસંગ્રહ, ૩. બ્રાહ્મણકાલીન મૂર્તિસંગ્રહ. (આ સ્થળે **બ્રાહ્મણ કાલ**નું તાત્પર્ય...વેદાદિ શાસ્ત્રનું પ્રામાણ્ય માનનારા આસ્તિક દર્શનકારોના ઉપાસ્ય દેવતા વિશેષ પરત્વે છે.)

બ્રાહ્મણકાલીન મૂર્તિઓ ઘણે ભાગે કાળા ચિકણા પત્થરની બનાવેલી છે. કોઇ કોઇ વિદ્યાનગરના શ્વેત પત્થરની પણ છે. આમાંથી ૧૦–૧૨ દશ બાર મૂર્તિઓના કપાળમાં અત્યારે જેવી રીતે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો U આવા આકારનું તિલક કરે છે. બિલકુલ તેવાજ આકારનાં તિલકો વિદ્યમાન છે તેની નોંધ આ પ્રમાણે છે.

૧. એક કૃષ્ણની મૂર્તિ પાંચ ફુટ ઉંચી કાળા પત્થરની છે. કૃષ્ણને બે ભુજા છે. વનમાલા ધારણ કરેલી છે. **વંશીનાદ**ની તયારી કરતા હોય તેમ જણાય છે. તે મૂર્તિને પુષ્ટિમાર્ગીય તિલક છે. આ મૂર્તિ **અનંતપુરમ્** ડિસ્ટ્રીકટમાંથી લાવવામાં આવી છે.

૨–૩. **શ્રીનિવાસ** વિષ્ણુની એક મૂર્તિ કાળા પત્થરની ચાર ફુટની છે. શ્રીનિવાસ વિષ્ણુની પાસેજ **શ્રીદેવી**ની પણ તેટલી ઉંચી કાળા પત્થરની મૂર્તિ છે. આ બન્ને મૂર્તિઓને પુષ્ટિમાર્ગીય તિલક છે. આશ્ચર્ય તો એ છે કે **લક્ષ્મીજી**ની મૂર્તિને (શ્રીદેવી) પણ ઊર્ધ્વપુંડ્ર તિલક છે. આ બંને મૂર્તિઓ નૉર્થ આર્કોટ ડિસ્ટ્રીકટમાંથી આવેલ છે.

૪. આદ્ય રામાનુજાચાર્યની કાળા પત્થરની દોઢ ફુટની બેઠેલી મૂર્તિ છે તેને પુષ્ટિમાર્ગીય તિલક છે. આ મૂર્તિ **તાડપત્રી**થી આવેલ છે.

૫. વેદાંતદેશિકની કાળા પત્થરથી દોઢ ફુટની મૂર્તિ છે. તેમાં વેદાંતદેશિક હાથ જોડીને બેઠેલા છે. તેને પુષ્ટિમાર્ગીય તિલક છે. આ મૂર્તિ **તાડપત્રી**થી આવેલ છે.

૬. કાળા પત્થરની એક વિષ્ણુની બે ફુટ ઉંચી મૂર્તિ છે. તેને પુષ્ટિમાર્ગીય તિલક છે. **તાડપત્રી**થી આવેલ છે.

૭. આ સિવાય છ સાત બીજી પણ આચાર્યની મૂર્તિઓ છે. દરેક ડોઢથી બે ફુટની કાળા પત્થરની છે. દરેક મૂર્તિ બન્ને હાથ જોડી બેઠેલ છે. દરેકને પુષ્ટિમાર્ગીય તિલક છે અને અનન્તપુરમ્ તથા તાડ્પત્રીથી આ સંગ્રહ આવેલ છે.

નોંધ—રા. રા. તેલીવાલાની શોધ મુજબ લક્ષ્મણબાલાજીમાં સમ્રાટ કૃષ્ણદેવરાયની ધાતુમય મૂર્તિ છે. અને તેને પુષ્ટિમાર્ગીય તિલક પણ છે. આવી વાતો સાંભળવામાં તથા વાંચવામાં આવેલ, તે યાદ આવતાં હું ઉપરની મૂર્તિઓનાં તિલક જોયા પછી ખાસ બાલાજી ગયો. લક્ષ્મણબાલાજીના મંદિરના ગોપુરદ્વારથી પ્રવેશ કરતાં દક્ષિણ ભાગના સભા મંડપમાં કૃષ્ણદેવરાયની મૂર્તિ ભગવાન્ સામા હાથ જોડીને ઉભેલ છે. મૂર્તિ ધાતુમય છે. લગભગ પાંચ ફુટની છે. અગલ બગલમાં કૃષ્ણદેવની બે રાણીની પણ ધાતુમય મૂર્તિ છે તે પણ હાથ જોડીને ઉભેલ છે. કૃષ્ણદેવરાયના હાથમાં કડાં છે. ગળામાં બે નાની માળાઓ પહેરેલ છે. કમરથી ઉપરનું અંગ ખુલ્લું છે. મસ્તક ઉપર લાંબી ટોપી ( આજ કાલની તુર્કી ટોપીની માફક ) છે. તે ટોપી મસ્તકની રક્ષાર્થ ધાતુમય હોવી જોઇએ. ટોપીમાં સીધા ઉભા હાંસીયા પડેલા છે, કપાળમાં તિલક જેવું કંઇ પણ ચિહ્ન દેખાતું નથી. બન્ને રાણીયોનાં મસ્તક ખુલ્લાં છે. દક્ષિણી સાડી પહેરાવેલી હોય તેમ દેખાય છે. કેશ મસ્તકના મધ્ય ભાગમાં માંગ ( સેંથો ) પાડી મોતીની લડ ધારણ કરી છે. મોતીની લડનો ગુચ્છાવાળો અગ્રભાગ ઠીક કપાળના મધ્ય ભાગમાં આવીને શોભી રહ્યો છે. મારૂં ધારવું એમ છે કે રાણીની મૂર્તિઓમાં મોતીની લડને કદાચ રા. તેલીવાલાએ તિલક માની લીધ્યું હોય અગર, કૃષ્ણદેવરાયની ટોપીના લાંબા હાંસીયાને કદાચ તિલકની કલ્પના કરી લીધી હોય એમ લાગે છે. પરંતુ તે મૂર્તિઓમાં પુષ્ટિમાર્ગીય તિલકનું ચિન્હ જોવામાં આવતું નથી. કૃષ્ણદેવરાયે સંવત્ ૧૫૫૬ ની લગભગ કર્ણાટક દેશ ઉપર મહારાજ કુમાર અવસ્થામાંજ વિજય પ્રાપ્ત કર્યો હતો. તે અરસામાં અથવા તે પહેલાંના કોઇ કાર્યના સ્મારક તરીકે આ મૂર્તિ સ્થાપન કરવામાં આવી હશે. મૂર્તિને જોતાં ૧૬–૧૮ વર્ષની ઉમર વખતે પ્રતિકૃતિ કરાઇ હશે એમ અનુમાન થઇ શકે છે. કારણ કે મૂર્તિમાં કૃષ્ણદેવરાયની મુછનું ચિન્હ જરા પણ દેખાતું નથી આચાર્યશ્રીનો વિદ્યાનગરનો શાસ્ત્રાર્થ અને કનકાભિષેકનો સંવત્ ૧૫૬૫ માં આવે છે. અર્થાત્ કૃષ્ણદેવરાય અથવા તેમના મોટાભાઇ સમ્રાટવીર નૃસિંહદેવરાય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ થયા પહેલાની ઉપર્યુક્ત મૂર્તિ છે. તેમાં જરા પણ સંદેહ નથી. સત્યની ખાતર આ બાબતની તપાસ કરી ઉપરનો ખુલાસો વિદ્વાન્ વૈષ્ણવો સમક્ષ અસ્થાને તો નહીંજ ગણાય.

भट्ट जटाशंकर शास्त्री.

# સાંપ્રદાયિક ગ્રંથો.

**૧. શ્રીસર્વોત્તમસ્તોત્ર**—અઢીસો પાનાં, અનેક ચિત્રો, એક એક નામપર એક એક કીર્તન, નામાવલિ ધોળ, ટીકાઓનો સવિસ્તર અનુવાદ, છતાં મૂલ્ય અઢી આના, ટ. ખ. દોઢ આનો.

**૨. પુષ્ટિમાર્ગનો ઇતિહાસ**—શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, શ્રીગોકુલનાથજી તથા શ્રીવલ્લભકુલના અસરકારક ઇતિહાસો, મોગલ સમ્રાટોના બાદશાહી ફરમાનોનાં ફોટાઓ, આવા મોટા પુસ્તકનું નોછાવર માત્ર આઠ આના ટ. ખ. સવાએ આના.

**૩. શ્રીગોકુલેશજીનો માલાપ્રસંગ**—શ્રીગુસાંઈજીના ચોથા લાલજીએ જહાંગીરના જુલ્મો સામે જે અહિંસક ધર્મ યુદ્ધ વર્ષો સુધી ચલાવ્યું તેનું જલહલતી ભાષામાં વર્ણન, યુક્તિઓથી સમજાવેલું તિલક રહસ્ય, સચિત્ર પુસ્તક છતાં નોછાવર માત્ર દોઢ આનો. ટ. ખ. ૦ાા આનો.

**૪. શ્રીપુરુષોત્તમજીનું ચરિત્ર**—નવ લાખ શ્લોક લખનારા મહાન વિદ્વાન્ ગોસ્વામી શ્રીપુરુષોત્તમજીનું ઐતિહાસિક ચરિત્ર તથા શિવ મોટા કે વિષ્ણુ એ વિષે કવિ શ્રીદયારામભાઇનો ગ્રંથ છે. વિષ્ણુદ્રોહીઓને તમાચો મારનાર આ ગ્રંથની નોછાવર માત્ર ચાર આના.

**૫. જવલંત મહાત્યાગ**—પંચમપીઠાધીશ્વર શ્રીગોવિન્દપ્રભુએ જયપુર નરેશના જુલ્મો સામે ચલાવેલી લડતનો ઇતિહાસ સચિત્ર છતાં નોછાવર ચાર આના. ટ. ખ. ૦ાા આનો.

**૬. વૈષ્ણવ નરેશો**—હિન્દમાંના પુષ્ટિમાર્ગીય રાજા મહારાજાઓના અદ્ભુત વૃત્તાંતો, સચિત્ર, મૂલ્ય ત્રણ આના. ટ. ખ. ૦ાા આનો.

**૭. આટલું તો કરજોજ**—ટુંકામાં ટુંકો નિત્ય નિયમ નોછાવર એક આનો ટ ખ. ૦ાા આનો.

**૮. શ્રીદયારામવાણી**—કવિ શ્રીદયારામભાઈના સુંદર પદોનો મહાન્ સંગ્રહ તથા ભક્તિપોષણ મૂ. બે આના ટ. ખ. ૧ આનો.

**૯. ન્યાયમૂર્ત્તિનો ચુકાદો**—મુંબાઈના ન્યાયમૂર્તિ રાંગણેકરે ભગવદીય શેઠ પ્રાગજી સુરજીએ માંડેલા કેસમાં આપેલો અગત્યનો ચુકાદો વાંચીને સુધારકોની પોલ પારખી શકશો અને પુષ્ટિમાર્ગની જાહોજલાલી જોઈ શકશો. મૂલ્ય બે આના ટ. ખ. ૧ આનો.

**૧૦. પંચાવન પાઠકો ગુટકો—પૃષ્ઠ ૨૫૬**—નિત્ય નિયમના પંચાવન પાઠોનો આ ગુટકો મોટા અક્ષરમાં હમણાં ફરી છપાવ્યો છે. મૂલ્ય માત્ર ત્રણ આના. ટ. ખ. ૧ આનો.

**૧૧. શ્રીનટવરલાલના ધોળ**—મૂલ્ય બે આના ટ. ખ. ૦ાા આનો.

**૧૨. ધોળપદસાગર**—મૂલ્ય રૂ. ૧-૦-૦ ટ. ખ. ૦-૪-૦. સીલીક નથી.

**૧૩. અસ્પૃશ્યોદ્ધાર**—અસ્પૃશ્યતાના ચાલુ પ્રશ્નો પર અદ્ભુત પ્રકાશ પાડનારો ગ્રંથ ગાંધીજીએ કબૂલેલો સિદ્ધાંત અક્ષરે અક્ષરે વાચ્યા જ કરશો. મૂ. ૦-૧-૬ ટ. ખ. ૦-૧-૩

**૧૪. પંદરમો અધ્યાય**—શ્રી ગીતાજીનો આ નાનો ગ્રંથ દરેક વૈષ્ણવ ઘરમાં હોવો જોઇએ માયાવાદનું સંપૂર્ણ ખંડન ઉત્તમ રહસ્ય સરલ ભાષામાં છે. મૂલ્ય રૂ. ૦-૨-૦ ટ. ખ. ૦-૦-૯.

**૧૫. રસાલયગૂઢરસ ગ્રંથ**—શ્રીગોકુલનાથજીના સેવક શ્રીમહાવદાસજીએ રચેલો ભાવના પૂર્ણ ગ્રંથ ભાષા સરળ, બોધક. ૩૦૦ વર્ષ પહેલાંની ગુજરાતી મૂલ્ય રૂ. ૦-૨-૬. ટ. ખ. ૦-૦-૯

**૧૬. ચિત્રાવલી**—કોટા, કિસનગઢ અને રાજનગર (અમદાવાદ) એ ત્રણ ગૃહના શ્રીવલ્લભકુલના દુર્લભ ચિત્રો. મૂલ્ય ચાર આના. ટ. ખ. ૧ આનો.

**૧૭. પ્રશ્નોત્તરવિચારગ્રંથ**—મહાનુભાવ ભક્તરત્ન કવિવર શ્રીદયારામભાઇએ ધર્મ સંબંધી વિકટ સવાલોના ઉત્તર લખીને કેવી ગુંચો ઉકેલી છે તે જોઇને આશ્ચર્યમગ્ન થશો. કાનવરનું રંગીન ચિત્ર પણ સામેલ છે. મૂલ્ય ચાર આના. ટ. ખ. ૧ આનો.

**૧૮. મહાનુભાવ ભગવદ્‌ભક્તો**—શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજીના સેવકોનું રસમય ભાષામાં ચરિત્ર. મૂલ્ય ત્રણ આના ટ. ખ. સવા આનો.

**૧૯. કીર્તનકુસુમાકર**—આવો કીર્તન ગ્રંથ હજુ પ્રકટ થયો નથી. અતિ દુર્લભ રસપૂર્ણ અપ્રસિદ્ધ પદોનો મહાન્ સંગ્રહ કર્યો છે.

ઠેકાણું—**વસંતરામ હરિકૃષ્ણ શાસ્ત્રી**, ૧૭૪૮, રાજામહેતાની પોળ અમદાવાદ નં. ૧.

( श्रीद्वारकेशजी ग्रन्थमाला )

# विद्याविभाग कांकरोली द्वारा प्रकाशित पुस्तक.

| | | मूल्य. |
|---|---|---|
| १. | विधवाविवाहखण्डन ( बुर्हानपुर शास्त्रार्थ ) .... .... .... | ०-४-० |
| २. | सनातनधर्म .... .... .... .... .... | ०-१-० |
| ३. | पुष्टिमार्गीय वैष्णवोनुं आह्निक .... .... .... .... | ०-१-० |
| ४. | मङ्गलमणिमाला .... .... .... .... .... | ०-२-० |
| ५. | कविता कुसुमाकर ( प्रथम भाग. ) .... .... .... | ०-८-० |
| ६. | " ( द्वितीय भाग. ) .... .... .... | ०-८-० |
| ७. | कनकाभिषेक .... .... .... .... .... | ०-४-० |
| ८. | दोलोत्सवव्यवस्था .... .... .... .... .... | ०-२-० |
| ९. | साम्प्रदायिकग्रन्थसूची .... .... .... .... | ०-४-० |

## शीघ्र प्रकाशित होनेवाली पुस्तकें.

१. सम्प्रदायप्रदीप ( द्विवेदिगदाधरकृत ) .... .... ....

२. प्रभुचरित्रचिन्तामणि .... .... .... .... ....

३. श्रीद्वारकाधीशकी प्राकट्यवार्ता संशोधित परिवर्धित .... ....

४. हरिभजनमणिमञ्जरी ( द्विवेदिगदाधरकृता ) .... .... ....

५. भगवत्तत्त्वदीपिका ( द्विवेदिगदाधरकृता ) .... .... ....

16041
29/10/11

मिलनेका पता.
सञ्चालक विद्याविभाग कांकरोली ( मेवाड )